## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
‘જ્યોતિર્મય’ પરિસર, સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી,
અમદાવાદ, ગુજરાત ૩૮૨૪૮૧

# Expression of Interest (EOI) – અનુવાદકો માટે

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા અંગ્રેજીથી ગુજરાતી તથા ગુજરાતીથી અંગ્રેજી ભાષાંતર કાર્ય માટે લાયકાત ધરાવતા અનુવાદકો પાસેથી Expression of Interest – EOI આમંત્રિત કરવામાં આવે છે.

**અરજદાર માટે આવશ્યક લાયકાતો અને માપદંડ:**

- અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષાઓ પર ઉત્તમ લેખન, વાંચન અને ભાષાંતર પ્રભુત્વ હોવું આવશ્યક રહેશે.
- અરજદારે સંબંધિત વિષયમાં માન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતી હોવી જોઈએ.
- શૈક્ષણિક, વહીવટી, સંશોધન, ડિજિટલ અથવા પ્રકાશન ક્ષેત્રમાં ભાષાંતરનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.
- અરજદારે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓના વ્યાકરણ, વાક્યરચના અને પ્રયોગાત્મક શૈલી અંગે પૂરતું જ્ઞાન ધરાવવું જરૂરી રહેશે.
- અરજદારે અગાઉ કરેલ ભાષાંતરના નમૂનાઓ રજૂ કરવા રહેશે.
- અરજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ માત્ર પસંદગી પામેલ ઉમેદવારોનો જ સંપર્ક કરવામાં આવશે.
- અરજદારોને યુનિવર્સિટીની વેબસાઇટ www.baou.edu.in પર સમયાંતરે પ્રસિદ્ધ થતી નવીનતમ માહિતી નિયમિત રીતે તપાસતા રહેવા વિનંતી કરવામાં આવે છે

**કાર્યક્ષેત્ર અને જવાબદારીઓ:**

- શૈક્ષણિક અભ્યાસક્રમો, અભ્યાસસામગ્રી, વહીવટી દસ્તાવેજો, પરિપત્રો, ડિજિટલ સામગ્રી તથા પ્રકાશન સંબંધિત દસ્તાવેજોના ભાષાંતરનું કાર્ય કરવાનું રહેશે.
- ભાષાંતર કરતી વખતે મૂળ દસ્તાવેજનો આશય, ભાવ, સંદર્ભ અને તાત્પર્ય જળવાઈ રહે તે બાબતનું વિશેષ ધ્યાન રાખવાનું રહેશે.
- માત્ર શબ્દશઃ (literal) ભાષાંતર સ્વીકાર્ય ગણાશે નહીં; ભાષાંતર અર્થસભર, સંદર્ભાનુકૂળ અને અભિવ્યક્તિસભર હોવું આવશ્યક રહેશે.
- અનુવાદિત સામગ્રીમાં ભાષાની શૈક્ષણિક, વહીવટી અને વ્યાવસાયિક ગુણવત્તા જાળવવાની રહેશે.
- પસંદગી પામેલ અનુવાદક દ્વારા Google Translate, AI આધારિત અનુવાદ સાધનો અથવા અન્ય સ્વચાલિત અનુવાદ માધ્યમોના ઉપયોગથી કરેલું ભાષાંતર માન્ય રહેશે નહીં
- ભાષાંતરનું કાર્ય સંપૂર્ણપણે સ્વતંત્ર રીતે અને ભાષાકૌશલ્યના આધારે કરવામાં આવવું આવશ્યક રહેશે.

- યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત સમયમર્યાદા અંદર કાર્ય પૂર્ણ કરવાનું રહેશે.
- અનુવાદકે સામગ્રીની ગુપ્તતાની શરતનું કડક પાલન કરવાનું રહેશે.
- અનુવાદ કે અનુવાદ કરેલી સામગ્રી અન્ય કોઇ માધ્યમમાં પ્રકાશિત કરાવવાની નથી.
- અનુવાદિત થયેલ સામગ્રીની માલિકી યુનિવર્સિટીની રહેશે.

**અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો:**

- EOI પત્ર/ કવર લેટર
- CV
- શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલો
- અનુભવ સંબંધિત દસ્તાવેજો
- ભાષાંતરના નમૂનાઓ

ઇચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી તથા જરૂરી દસ્તાવેજો યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત ઇ-મેઇલ પર મોકલવાના રહેશે. **તમામ દસ્તાવેજોને એક જ PDF ફાઇલમાં સંકલિત કરી ઈ-મેઈલ દ્વારા મોકલવાના રહેશે. અસંલગ્ન દસ્તાવેજો અરજી પ્રક્રિયા માટે પાત્ર ગણાશે નહીં.**

**ઇ-મેઇલ: translation@baou.edu.in**
**અંતિમ તારીખ: જૂન ૫, ૨૦૨૬**

યુનિવર્સિટીને કોઈપણ અરજી સ્વીકારવા અથવા નામંજૂર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે અને તે માટે કોઇ કારણ આપવાની ફરજ રહેશે નહીં.

**કુલસચિવ (ઇન્ચાર્જ)**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**